# જાહેર નિવિદા

## કલોલ નગરપાલિકા તા.કલોલ જી.ગાંધીનગર

પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ ગાંધીનગર ઝોનના હુકમ ક્રમાંક:- RCMGN/0275/06/2023 તા.૦૪-૦૭-૨૦૨૩ થી થયેલ હુકમ અને શરતોની જોગવાઈઓ અનુસાર નગરપાલિકાની પસંદગી સમિતિ ધ્વારા નક્કી કરવામાં આવેલ ધોરણ તથા શરતો અને કલોલ નગરપાલિકાના મંજુર થયેલ લઘુત્તમ મહેકમ માટે કર્મચારીઓની ભરતી-બઢતી અંગેના ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ-૨૭૧ હેઠળ પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ધ્વારા તા.૧૩/૦૩/૨૦૨૩ ના હુકમથી મંજુર થયેલ ભરતી બઢતીના નિયમો-૨૦૨૩ ને આધિન સ્પર્ધાત્મક પરિક્ષા આધારે નીચે પત્રકમાં દર્શાવેલ સંવર્ગની જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી પાંચ વર્ષના સમયગાળા માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણુંક માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ. નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યા | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જનજાતિ | | સા.શૈ.પ.વ. | | બિન અનામત | | આર્થિક રીતે નબળા વર્ગ | | |
| | | | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૧ | ઓફીસ સુપ્રિન્ડેન્ટ | ૧ | ૩ | કોઈ પણ શાખામાં સ્નાતક, નગરપાલિકા કામનો ત્રણ વર્ષનો અનુભવ,(C.C.C. Certificate) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૨ | પ્રમુખશ્રીના મદદનીશ ક્લાર્ક | ૧ | ૩ | એચ.એસ.સી. પાસ અને (C.C.C. Certificate) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૩ | ઓડીટર | ૧ | ૩ | બી.કોમ અને ત્રણ વર્ષનો હિસાબી કામનો અનુભવ. (C.C.C. Certificate) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૪ | ટેક્ષ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૧ | ૩ | બી.કોમ સ્નાતક અને ત્રણ વર્ષનો અનુભવ. (C.C.C. Certificate) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૫ | મદદનીશ મ્યુનીસીપલ ઈજનેર(ડીપ્લોમા સિવિલ) | ૨ | ૩ | ડીપ્લોમા સિવિલ એન્જીનીયર અને પાંચ વર્ષનો અનુભવ (C.C.C. Certificate) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| ૬ | મદદનીશ મ્યુનીસીપલ ઈજનેર (ડીપ્લોમા મીકેનીકલ) | ૧ | ૩ | ડીપ્લોમા મીકેનીકલ એન્જીનીયર અને પાંચ વર્ષનો અનુભવ.(હાઈડ્રોલીક એન્જીનીયરને પ્રથમ પસંદગી (C.C.C. Certificate) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૮ | વાયરમેન-કમ ઈલેકટ્રીશીયન | ૨ | ૩ | એસ.એસ.સી. પાસ અને ઈલેકટ્રીશીયન/વાયરમેન સરકાર માન્ય પરિક્ષા પાસ, બે વર્ષનો અનુભવ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| ૯ | વર્ક આસીસ્ટન્ટ | ૧ | ૩ | ડીપ્લોમા સિવિલ પાસ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |

**શરતો :-**

૧) ઉપરોકત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં ચીફ ઓફિસરશ્રી,કલોલ નગરપાલિકા જી.ગાંધીનગર ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલી આપવાની રહેશે.

૨) અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અને અરજી સાથે પ્રમાણપત્ર સામેલ ન હોય તેવી અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

૩) અરજદારે પ્રત્યેક જગ્યા માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે.

૪) ઉપરોકત સંવર્ગ માટે અરજી સાથે બિન અનામત વર્ગના અરજદારે રૂ.૩૦૦/- ચીફ ઓફીસર, કલોલ નગરપાલિકા, કલોલના નામના ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલવાની રહેશે. અનુસુચિત જાતિ,અનુસુચિત જનજાતિ તથા સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના તથા આર્થિક નબળા વર્ગનાં ઉમેદવારે પણ કોઈ ફી ભરવાની રહેશે નહી.

૫) અરજી કવર ઉપર અરજી કરેલ જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૬) ઉપરોકત સંવર્ગ માટે અરજી અંગેનો નિયત નમૂનો નગરપાલિકાની વેબસાઈટ https://kalolnagarpalika.in ઉપરથી ડાઉનલોડકરી નિયત નમુનામાં જ મોકલવાનો રહેશે.

૭) વય મર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર થશે તા.૧૫/૧૧/૨૦૨૫ ની સ્થિતિએ વયમર્યાદા ગણવાની રહેશે. તા.૧૫/૧૧/૨૦૨૫ ની સ્થિતિએ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકાશે.

૮) નિયામકશ્રી નગરપાલિકા ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૦૩/૦૮/૨૦૦૪ ના પરીપત્ર તેમજ અમરેલી નગરપાલિકાના સ્પે.સી.એ.નં:-૫૭૪૬/૧૯૯ ના હાઇકોર્ટના ચુકાદાને આધીન કલોલ નગરપાલિકા ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને મળવા પાત્ર લાભો આપવામાં આવશે.

૯) અધુરી કે સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૧૦) આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે કલોલ નગરપાલિકાને સંપૂર્ણ આબાધિત/અધિકાર રહેશે.કલોલ નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહી.

જાવક નંબર:- ________

તારીખ :- ________

ચીફ ઓફિસર
કલોલ નગરપાલિકા

પ્રમુખ
કલોલ નગરપાલિકા